






# જમીન કે પ્રોપર્ટી જલદી વેચવા માટેના સચોટ ઉપાયો

**યંત્ર-મંત્ર-તંત્ર**
**યજ્ઞેશ ત્રિવેદી**

જમીન કે પ્રોપર્ટી જલદી વેચવા માટે 'હનુમાનજીની પૂજા' સૌથી પ્રભાવશાળી માનવામાં આવે છે. આ પૂજા ઘરમાં કરાવવાથી સચોટ ફળ મળે છે. હનુમાનજીના વડવાનલ સ્તોત્રથી પૂજા અને હવન જાણકાર પાસે કરાવવાથી પ્રોપર્ટી વેચાવાનાં આંદોલનો શરૂ થઈ જાય છે.

મંગળવારે હનુમાન મંદિરમાં સિંદૂર ચઢાવીને મનોકામના હનુમાનજીને કહી શકો છો. આ સિવાય 'ૐ હં હનુમતે નમઃ' મંત્રનો જાપ તેમ જ ઘરમાં દક્ષિણમુખી હનુમાનજીની પૂજા કરવાથી અટકેલી પ્રોપર્ટી જલદીથી વેચાઈ જાય છે.

**જમીન વેચવા માટેના ટુચકાઓ**

બુધવારના દિવસે એક દાડમનો છોડ તે ભૂમિ કે મકાનમાં વાવવો.

7 શનિવાર સતત એક તેલનો મોટો દીવો ભૈરવજીના મંદિરમાં પ્રગટાવવો.

શનિવારે આખા અડદના 21 દાણા પર સરસવનું તેલ લગાડીને તે ભૂમિ કે ભવનમાં ફેંકી દો.

ઓનેકસની માળાથી કાર્યસિદ્ધિ માટે 'ૐ વક્રતુંડાય નમઃ'ની 9 કે 27 માળાનો જાપ કરવો, કાર્યસિદ્ધિ થશે.

મકાન કે પ્રોપર્ટી જલદી વેચવા માટે 'ૐ નમો ભગવતે વાસુદેવાય નમઃ નો જાપ કરતાં કરતાં 11 લીમડાનાં પાંદડાં અને 7 આખા કાળા મરીની પોટલી દરવાજા પર બાંધવી. આ સિવાય હનુમાનજીને સિંદૂર અર્પણ કરવું અને સોમવારે શિવલિંગ પર હળદરમિશ્રિત પાણી ચઢાવવું પણ પ્રભાવશાળી માનવામાં આવે છે. સંપૂર્ણ વિશ્વાસની સાથે આ ઉપાય કરવો, જેનાથી અવરોધો દૂર થઇ જાય અને સારી કિંમત મળે.

જમીન, મકાન કે પ્રોપર્ટીને જલદી અને સારી કિંમત પર વેચવા માટે જયોતિષશાસ્ત્રમાં કેટલાક પ્રભાવશાળી ઉપાય બતાવ્યા છે.

108 વાર 'ૐ શંગ શનૈશ્ચરાય નમઃ' નો જાપ કરવો. મંગળવારે હનુમાનજીને લાલ ફૂલ ચઢાવવું અથવા ગોમૂત્ર અને પીળી સરસો ભેગી કરીને પ્રોપર્ટી પર છાંટવું તે મુખ્ય ઉપાય છે. આ ઉપાયોથી મન-ઈચ્છિત ડીલ મળવાની માન્યતા છે.

જયોતિષ અને વાસ્તુશાસ્ત્ર અનુસાર જમીન કે પ્રોપર્ટી વેચવા માટે મંગળવાર, ગુરુવાર અને શુક્રવાર સૌથી શુભ દિવસ માનવામાં આવે છે.

મંગળવારે જમીનથી સંકળાયેલાં કામો (જેમ કે વેચાણ માટે ઉપાય) માટે ખાસ કરીને બળવાન માનવામાં આવે છે. એ જ પ્રમાણે (દશેરા, દિવાળી વગેરે) તહેવારો દરમિયાન પણ વેચાણ કરવું શુભ અને લાભદાયક રહે છે.

અનેક લોકો પોતાના પૈસાને પોપર્ટીના રૂપે રોકાણ કરે છે. લોકોનું માનવું છે કે પ્રોપર્ટીમાં પૈસા જલદી અને સારો નફો આપીને જાય છે, પરંતુ કયારેક કયારેક તે પ્રોપર્ટી ગળાનો ફાંસો પણ બની જાય છે! ફાયદામાં વેચવાનું તો દૂર પરંતુ વેચાતી જ નથી હોતી! ખરીદવા માટે લોકો આવે છે પરંતુ તે એમ જ જતા રહે છે. કોઈને કોઈ વાત પર સોદો તૂટી જાય છે અને પ્રોપર્ટી વેચાતી નથી.

પોતાની પ્રોપર્ટીને જલદી અને સારા નફા સાથે વેચવા માટે જયોતિષશાસ્ત્રમાં અનેકો ઉપાય બતાવ્યા છે. આવો જાણીએ એક અસરકારક ઉપાય વિશેઃ

**ગ્રહ-નક્ષત્ર પણ તેનું કારણ હોય છે.**

આપણાં ઈન્વેસ્ટમેન્ટથી નફો કરાવવા અથવા નુકસાન અપાવવા માટે પણ આપણા ગ્રહ-નક્ષત્ર જ હોય છે. જો તે નક્ષત્ર આપણાં બરાબર નથી હોતાં ત્યારે સોદામાં ઘણી તકલીફો કરે છે. આપણા સોદા થતાં થતાં રહી જાય છે. શનિદેવ આપણાં કામોની ગતિને ધીમી કરી દે છે. જો આપણે 'શનિ સંબંધિત' ઉપાય કરીએ તો આપણાં કામ આસાનીથી થઇ જાય છે.આ ઉપાય શનિવારથી શરૂ કરવો જોઈએ.

**મકાન, દુકાન કે પ્રોપર્ટી વેચવાનો ઉપાય**


બજારમાંથી 86 આખી બદામ લઈ આવવી. સવારે નહાઈને કશું પણ ખાધા-પીધા વગર બે બદામ લઈને મંદિર જવું. બદામ મંદિરમાં શિવલિંગ કે શિવજીની આગળ મૂકી દેવી.



તેમજ બે હાથ જોડીને ભગવાનને તમારી જેટલી પ્રોપર્ટી હોય તે નામ બોલીને તે વેચવા માટે પ્રાર્થના કરવી. એ બે બદામોમાંથી એક બદામ ઘરે પાછી લઈ આવવી. તે બદામને લાવીને ઘરમાં કોઈ જગ્યાએ અલગ મૂકી દો. આવું તમારે 43 દિવસ સતત કરવાનું છે. 43 દિવસ પછી જે બદામ તમારા ઘરમાં ભેગી કરી છે તેને એક સાથે જલ-પ્રવાહ (વહેતી નદીમાં) કરી દો.

આ ક્રિયાને સંપૂર્ણ શ્રદ્ધા અને સમર્પણથી કરવાથી તમારા મનોરથ અવશ્ય પૂરા થશે. જો તમારે 43 દિવસ પહેલાં સોદો થઇ જાય તો પણ ઉપાય અધૂરો છોડવો નહીં. પૂરો ઉપાય કરીને 43 બદામ જલપ્રવાહ કરવી જોઈએ નહીંતર કાર્યમાં અવરોધ આવશે. જો ઉપાય અધૂરો રહી જાય તો જીવનમાં અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

# સર્વ સિદ્ધિઓ આપનારું 'રામ રક્ષા યંત્ર કવચ'




**તા. 26 માર્ચ 2026ને ગુરુવારના રોજ રામનવમી છે.**
**હરે રામ હરે રામ રામ રામ હરે હરે**
**હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે**

**જડીબુટ્ટી**
**નજુમી**

આ મંત્રમાં 'હરે' શબ્દમાં 'હ્રીં'' બીજ રહેલો છે. 'રામ'માં ઓમકાર છે અને 'કૃષ્ણ' નામમાં 'કલીં' બીજ છે. આખો મંત્ર જ બીજો શક્તિથી ઓતપ્રોત છે.

'હરે' શબ્દમાં 'હરિ' (વિષ્ણુ) અને હર (મહાદેવ) બંનેનાં દર્શન થવાના કારણે ધર્મ, આચરણ અને મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ છે. અર્થના અધીશ્વર લક્ષ્મીપતિ શ્રી વિષ્ણુ છે. કામરૂપ શ્રીકૃષ્ણ છે અને મોક્ષ આપનાર શ્રી હર-મહાદેવ છે. એટલા માટે તે મંત્ર મહામંત્ર કહેવાય છે.

સાત્ત્વિક તંત્રમાં રામનું મહત્ત્વ છે. કુટુંબસુખ, શાંતિ અને જીવનના સંગ્રામમાં વિજય માટે રામ સાધનાનું જે સ્થાન છે, તે અદ્વિતીય છે. તંત્ર ગ્રંથોમાં રામની ઉપેક્ષા કરી નથી.

જીવનના સંગ્રામમાં વિજય અને પારિવારિક સુખ, શાંતિ તથા રાજસી સુખ (આનંદમય જીવન) માટે રામની સાધનાથી વધીને કશું જ નથી.

'શ્રી રામ રક્ષા સ્તોત્ર'ના પાઠના ચમત્કારથી તો તમે બધા પરિચિત હશો જ. રામભક્તને લૌકિક કષ્ટ તો શું યમદૂત પણ ભયભીત નથી કરી શકતાં. તેમની 'કૃપાથી સાંસારિક કષ્ટ, શારીરિક રોગ અને માનસિક ચિંતાઓ દૂર થઈને અભીષ્ટની પ્રાપ્તિ થાય છે. આ 'રામ-રક્ષા કવચ' કલ્પવૃક્ષની જેમ ઉપાસકની બધી જ કામનાઓ પૂર્ણ કરવામાં સક્ષમ છે. શ્રી અગસ્ત્ય સંહિતામાં તેના માહાત્મ્યનું વર્ણન આ પ્રકારે કરવામાં આવ્યું છેઃ શ્રી રામચંદ્રજીના રામરક્ષા યંત્ર કવચને ધારણ કરવાથી સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. બધાં પાપ નષ્ટ થઈ જાય છે. બધી આપત્તિઓ વિપત્તિઓ પણ મૂળમાંથી નષ્ટ થઈ જાય છે. મિત્રોની મિત્રતા દૃઢ થાય છે. શત્રુ મિત્ર બની જાય છે. ક્રૂર કષ્ટપ્રદ ગ્રહ પણ પ્રસન્ન થઈ જાય છે અને શાસકોની અનુકૂળતા પ્રાપ્ત થાય છે.

**મહામૃત્યુંજય કવચના ફળથી પણ વધારે શક્તિશાળી રામ રક્ષા કવચ**

આ કવચ ધારણ કરવા વિશે એટલો અનુભવ કર્યો છે કે તે મહામૃત્યુંજય કવચનાં ફળથી પણ વધારે શક્તિ રાખે છે. તમારી નાની-મોટી દુવિધાઓનું ઉત્કૃષ્ટ સમાધાન છે આ 'રામ-રક્ષા કવચ' ધારણ કરવું જોઈએ. સુખ-સૌભાગ્યની મનોકામનાને પૂરી કરવા માટે ચૈત્ર નવરાત્રિની નોમ તિથિને ઘણી વધારે શુભ માનવામાં આવે છે, કારણ કે આ દિવસે ભગવાન રામનો જન્મોત્સવ ઉજવાય છે. રામ નવમી પર ખરેખર પૂજાના ક્યા ઉપાય કરવાથી બંધ કિસ્મતના દરવાજા ખૂલી શકે છે. ચૈત્ર મહિનાની સુદ પક્ષની નવમી તિથિને વધારે પવિત્ર અને મહત્ત્વની માનવામાં આવે છે, કારણ કે આ દિવસે એક તરફ શક્તિની સાધના એટલે કે નવરાત્રિ પૂજાનો છેલ્લો દિવસ હોય છે ત્યારે બીજી તરફ ભગવાન વિષ્ણુનો સાતમો અવતાર એટલે કે ભગવાન રામનો જન્મદિન ઉજવાય છે. જે 'રામ'નું નામ જ અનંત સુખ અને મોક્ષ આપનાર છે. તેમની રામનવમીના દિવસે કઈ વિધિથી પૂજા કરવાથી મનઈચ્છિત ફળ અને સુખ-સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે તે અહીં વિસ્તારથી જણાવ્યું છે.

**રામનવમીની પૂજાના ઉપાય**

-રામનવમીપરભગવાનરામપાસેથીમનઈચ્છિતઆશીર્વાદ લઈને પોતાની કામનાઓને પૂરી કરવા માટે રામલલાની સાચા મનથી પૂજા કરતાં કરતાં પીળાં ફૂલ, પીળાં વસ્ત્ર અને પીળા ચંદનનું તિલક અર્પણ કરવું. 'તુલસીદાસ ચંદન ઘસે... તિલક કરે રઘુવીર...' પૂજા દરમિયાન આ ઉપાય કરવાથી બધાં કામો ને કાર્ય સફળ થાય છે અને ભગવાન રામની કૃપાથી સુખ-સૌભાગ્ય મળે છે.



- કોઈ દેવી કે દેવતાને ખુશ કરવા તેમ જ તેમની કૃપા મેળવવા માટે 'વ્રત' (ઉપવાસ)ને ઉત્તમ માધ્યમ માન્યું છે. એવામાં ભગવાન રામને ખુશ કરવા માટે તેમ જ મનઈચ્છિત આશીર્વાદ મેળવવા માટે 'રામનવમીનું વ્રત' સંપૂર્ણ વિધિ-વિધાનથી કરવું જોઈએ.

- જો તમોને લાગે છે કે, તમે આ સમયમાં તમામ મોટાં સંકટોથી ઘેરાયેલા હો અને તમોને તેમાંથી બચવાનો તેમ જ જીવનના દરેક જંગમાં વિજય મેળવવા માટે રામનવમી પર ખાસ કરીને 'શ્રી રામ રક્ષા સ્તોત્ર'નો વિશેષ પાઠ કરવો જોઈએ.

- જો તમોને સંતાનસુખની પ્રાપ્તિ હજી સુધી થઈ ના હોય તો તમોને ભગવાન રામની જેમ આજ્ઞાકારી પુત્ર મેળવવા માટે રામ નવમીના દિવસે તેમના બાલસ્વરૂપ એટલે કે રામલલાનાં દર્શન અને વિશેષ પૂજા કરવી જોઈએ.

# જિંદગીમાં બધી જ સળગતી સમસ્યાઓનો પહેલો સચોટ ઉપાયઃ પિતૃઓના આત્માને છુટકારો-મોક્ષ આપવાનો છે

જે પ્રકારે દેવતાઓને પ્રસન્ન-ખુશ કરીને સર્વસ્વ પ્રાપ્ત કરી શકાય છે બરાબર એ જ રીતે આપણે પિતૃજનોને ખુશ કરીએ. તેઓને મેળવી શકીએ છીએ. નહીંતર પિતૃદોષ લાગવાના કારણે જીવન નર્ક જેવું બની જાય છે અને જીવનમાં ડગલે ને પગલે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

'પિતૃઓની શક્તિ' - 'સૂક્ષ્મ શરીર' હોવાના કારણે અત્યંત વિશાળ બની જાય છે. તેઓ 'શક્તિ' તેમ જ 'સિદ્ધિનાં' નિશ્ચિત સ્વરૂપ બની જાય છે! તેઓ ઉત્તમ હોવાના કારણે આરોગ્ય, આયુષ્ય, ગર્ભ વગેરે કાર્યોનાં નિયંત્રક બની જાય છે. તેઓ પોતાની શક્તિથી થનારી કે બનનારી ઘટનાઓને સ્પષ્ટ રીતે જોઈ શકે છે.

જો તેમની સંપૂર્ણ કૃપા રહે તો તે પોતાનાં સંતાનોને એવો માર્ગ બતાવે કે તેનાથી ઓછામાં ઓછું વિઘ્ન, નડતર આવે. એવું કાર્ય કરવા પ્રવૃત્ત કરે કે જેમાં તમે સંપૂર્ણ ઉન્નતિ થાય, વ્યક્તિત્વમાં તેજ આવે. જીવનમાં રસ, માધુર્ય તેમ જ સૌંદર્ય પણ ઉમેરી શકે છે. તેમના (પિતૃઓ) માટે કોઈ પણ કાર્ય અસંભવ રહેતું નથી. ફક્ત એ વાતની આવશ્યકતા છે કે, તેઓ



સંપૂર્ણ રીતે ખુશ હોવાં જોઈએ. તેમની પૂજા, સાધના, ધ્યાન તમારે નિયમિત રીતે કરવું જોઈએ.

પિતૃ દોષના કેટલાંક જયોતિષીય કારણ પણ જન્મ કુંડળીમાં જોવા મળે છે, જે આપણને પિતૃદોષ તરફ ઈશારો કરે છે. 'સૂર્ય' જયારે 'રાહુ'ની યુતિમાં હોય તો ગ્રહણ યોગ થાય છે.

સૂર્યનું ગ્રહણ એટલે આત્મા, પિતાનું ગ્રહણ થયું. સૂર્ય-રાહુની યુતિમાં હોય તો પિતૃદોષ' રચે છે.

સૂર્ય અને ચંદ્ર અલગ અલગ કે બંને જ રાહુની યુતિમાં હોય તો પિતૃ દોષ થાય છે. શનિ-સૂર્ય પુત્ર છે. તે સૂર્યનો નૈસર્ગિક શત્રુ પણ છે.એટલે શનિની સૂર્ય પર દૃષ્ટિ પણ પિતૃદોષ ઉત્પન્ન કરે છે.

આ પિતૃદોષથી જાતક આધિ, વ્યાધિ, ઉપાધિ-ત્રણેય પ્રકારની પીડાઓથી કષ્ટ ઉઠાવે છે! તેનાં દરેક કાર્યમાં અડચણો આવે છે. કોઈ પણ કાર્ય સામાન્ય રીતે નિર્વિઘ્ને સંપન્ન થતું નથી.

બીજાની દૃષ્ટિએ જાતક સુખી દેખાય છે પરંતુ જાતક આંતરિક રીતે દુઃખી હોય છે. જીવનમાં કષ્ટ ઉઠાવે છે. જો તમોને ઉપરોકત અનુભવ થતો હોય તો તમે પિતૃદોષથી ગ્રસિત છો અથવા તમારી કુંડળીમાં પિતૃદોષ છે.

તો તમે આ પિતૃ શાંતિ કવચ ધારણ કરી શકો છો. તમે પિતૃદોષને કારણે થતાં દુષ્પરિણામોથી બચી શકો છો.

**સમસ્યાઓથી રડતાં કેમ રહેવું પડે છે?**

જિંદગીમાં ઝઘડા, કંકાસ, દેવું, રોગ વગેરેમાંથી બહાર નીકળવા માટે પહેલો સચોટ ઉપાય 'પિતૃઓના આત્માને શાંતિ આપવાનો છે. તેમને મોક્ષ આપવાનો છે.' તમે આ બધું કરશો તો પિતૃઓનો મોક્ષ થશે અને આશીર્વાદ પણ મળશે.

તમારાં સંતાનો કે સગાં-સંબંધી આ પ્રકારનું કાર્ય, કે વિધિ જોશે, તો તેઓ પણ ભવિષ્યમાં 'તમારા પાછળ પિતૃઓની વિધિ કરશે.' પરંતુ તમે જ આગળ ના આવો અને તમારા પૂર્વજોને છુટકારો ના આપો, તો ભવિષ્યમાં આપણો પણ તેઓની જેમ એક દિવસ



પિતૃ' બનીશું અને પછી આપણી પાછળ આપણાં સંતાનો. આપણા આત્માને સદ્દગતિ, મોક્ષ, શાંતિના અપાવે ત્યારે જ આ કાર્યની કિંમત સમજાય. તેથી તમારાં સંતાનોને પણ પૂર્વજ-પિતૃઓ માટે આવી વિધિ કરવી પડે એ તરફ વાળવાં પડે. તેનાથી તમે અને તમારો પરિવાર, કુટુંબ બધા પિતૃઓના આશીર્વાદથી ખૂબ-સુખી સમૃદ્ધ થશે. રોગ અને દેવામાંથી મુકત થવાય! સંતાન પ્રાપ્તિ પણ થાય. બીજી તરફ આટલી સામાન્ય વસ્તુ સમજમાં ના આવવાથી કે લાભના લેવાથી આખી જિંદગી રડયા કરવાનું




**ચૈત્ર મહિનામાં ચાણોદ ખાતે ઘણાં લોકો વિધિવિધાન કરાવે છે. પરંતુ ઘણી વખત કોઇ જ સારું પરિણામ અનુભવાતું નથી. તેથી પિતૃઓની સચોટ વિધિ કોઇ જાણકાર પાસે કરાવાથી પિતૃ-પૂજાના રૂપિયા પડી જતા નથી!!**